



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા






માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ * * * સંવત ૨૦૮૨ ભાદરવો સુદ છઠ ગુરુવાર ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૭૭

પાનાં ૧૬+૪ કિંમત ₹ ૫.૦૦


# EPFOની માસિક વેતન મર્યાદા વધીને રૂ. 25,000 કરાઈ




**51 લાખ નવા કર્મચારીઓને મળશે સીધો લાભ**

**આજે વિશ્વકર્મા જયંતીથી લાગુ થશે નવો નિયમ 12 વર્ષ પછી ફેરફાર**

**આ પહેલાં 2014માં વેતન મર્યાદા રૂ. 6,500થી વધારીને રૂ. 15,000 કરવામાં આવી હતી**

નવી દિલ્હી, તા. 16 (પીટીઆઈ): કેન્દ્રીય કેબિનેટે બુધવારે કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) હેઠળ ફરજિયાત કવરેજ માટેની માસિક વેતન મર્યાદા રૂ. 15,000થી વધારીને રૂ. 25,000 કરવાના મહત્વના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે.

12 વર્ષના લાંબા ગાળા બાદ કરાયેલા આ ઐતિહાસિક સુધારાથી દેશના 51 લાખથી વધુ નવા કર્મચારીઓને સીધો લાભ મળશે. અત્યાર સુધી રૂ. 15,000થી વધુ શરૂઆતી પગાર ધરાવતા કર્મચારીઓ EPFOના ફરજિયાત દાયરા બહાર રહી જતા હતા, પરંતુ હવે રૂ. 15,000થી 25,000ના સેલેરી બ્રેકેટમાં આવતા કર્મચારીઓ સામાજિક સુરક્ષા હેઠળ આવરી લેવાશે.

કેન્દ્રીય શ્રમ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે આ નવો નિયમ 17 સપ્ટેમ્બર 2026, વિશ્વકર્મા જયંતીના પાવન અવસરથી અમલી બનશે. આ સુધારાથી પાત્ર કર્મચારીઓને પ્રોવિડન્ટ ફંડ (EPF)ના બચત લાભો ઉપરાંત કર્મચારી પેન્શન યોજના (EPS) હેઠળ પેન્શન રક્ષણ અને એમ્પ્લોઈઝ ડિપોઝિટ લિંક્ડ ઈન્સ્યોરન્સ (EDLI) હેઠળ આકર્ષક વીમા કવચ મળશે.

છેલ્લે 2014માં વેતન મર્યાદા વધારવામાં આવી હતી. દેશમાં વધતી આવક અને ઔપચારિક રોજગાર ક્ષેત્રના વિસ્તારને લીધે આ નિર્ણય લેવાયો છે, જેનાથી સરકાર પર વાર્ષિક રૂ. 11,339 કરોડ અને 5 વર્ષમાં રૂ. 56,696 કરોડનું નાણાકીય ભારણ આવશે.

...અનુસંધાન પાના 04 પર

## UPI ચાર્જ પર રાજકીય ઘમાસાણ: વેપારીઓ-વિપક્ષનો ભારે વિરોધ

**UPI ચાર્જ પાછો ખેંચવાનો કોઈ પ્રશ્ન જ નથી: સરકારની સ્પષ્ટતા**

**રાહુલ ગાંધીએ 'UPI ટેક્સ' ગણાવી ઘેર્યા વિઝા અને માસ્ટરકાર્ડ જેવી અમેરિકી કંપનીઓને લાભ પહોંચાડવા માટે આ પગલું ભરવામાં આવ્યું હોવાનો કોંગ્રેસનો આક્ષેપ, સરકારનો ઈનકાર**

નવી દિલ્હી, તા. 16 (પીટીઆઈ): યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ (UPI) પર ચાર્જ વસૂલવાના નિર્ણય સામે વિપક્ષી દળોએ સરકાર પર પ્રહારો તીવ્ર બનાવ્યા છે અને તેને તાત્કાલિક પાછો ખેંચવાની માગ કરી છે. જોકે, સરકારે સ્પષ્ટ કર્યું છે કે આ નિર્ણય રદ કરવાનો કોઈ પ્રશ્ન જ ઊભો થતો નથી.

લગભગ છ વર્ષથી ચાલી આવતી સંપૂર્ણ મફત UPI સેવાઓનો અંત આણતા સરકારે રૂ. 2,000થી વધુના વેપારી ટ્રાન્સફર પર 0.4 ટકા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) ફી લાદી છે, જ્યારે વ્યક્તિ-થી-વ્યક્તિ (P2P) ટ્રાન્ઝેક્શન અને નાના પેમેન્ટ્સને આ ચાર્જમાંથી મુક્ત રાખવામાં આવ્યા છે.

નાણાં મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે રૂ. 2,000થી વધુના UPI વ્યવહારો પર 0.4 ટકા MDR લાદવાના નિર્ણય પાછળ કોઈ વિદેશી દબાણ નથી.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર અમેરિકી પ્રમુખ

...અનુસંધાન પાના 04 પર

### પેટ્રોલ પંપો પર રૂ. 2000થી વધુના UPI પેમેન્ટ બંધ કરવાની ચીમકી

**રૂ. 5 ફ્લેટ MDR ચાર્જ સામે ડીલરોમાં રોષ; ફરી કેશ પેમેન્ટ તરફ શિફ્ટ થવાની ચેતવણી**

NPCI દ્વારા પેટ્રોલ પંપો પર રૂ. 2,000થી વધુના UPI ટ્રાન્ઝેક્શન પર રૂ. 5 નો ફ્લેટ મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) લાગુ કરવામાં આવતાં દિલ્હી-NCR, મુંબઈ, યુપી, પંજાબ, કર્ણાટક અને રાજસ્થાનના ડીલરોએ ડિજિટલ પેમેન્ટ બંધ કરીને કેશ પેમેન્ટ સ્વીકારવાની ચેતવણી આપી છે. પેટ્રોલ પંપ ડીલરોનું કહેવું છે કે ઈંધણ પર તેમનું માર્જિન પ્રતિ લીટર માત્ર રૂ. 2.40 થી રૂ. 3.40 જેટલું મર્યાદિત હોય છે, તેથી દર ટ્રાન્ઝેક્શને રૂ. 5 નો વધારાનો ચાર્જ તેમના માર્જિનને ભારે નુકસાન પહોંચાડશે. એમ્પાવરિંગ પેટ્રોલિયમ ડીલર્સ ફાઉન્ડેશન (EPDF) ના જણાવ્યા મુજબ, પેટ્રોલ પંપો પર થતા કુલ પેમેન્ટમાંથી લગભગ 20% ટ્રાન્ઝેક્શન રૂ. 2,000થી વધુના હોય છે. આ ચાર્જ લાગુ થવાથી દરેક પંપને રોજના રૂ. 230 થી રૂ. 250 નું સીધું નુકસાન થશે. અખિલ કર્ણાટક ફેડરેશન ઓફ પેટ્રોલિયમ ટ્રેડર્સ (AKFPT) અને FAIPT એ કેન્દ્ર સરકાર તેમજ ઓઇલ માર્કેટિંગ કંપનીઓ (OMCs) ને પત્ર લખીને પેટ્રોલિયમ રીટેલ આઉટલેટ્સને આ ચાર્જમાંથી સંપૂર્ણ મુક્તિ આપવા માગ કરી છે.



**ચીનમાં શરૂ થઈ હાઇટેક ફેક્ટરી: દર 10 મિનિટે તૈયાર થશે એક હ્યુમનોઇડ**

## રોબોટ બનાવશે રોબોટ!

**યુબિટેક કંપનીના સ્માર્ટ પ્લાન્ટમાં વાર્ષિક 10,000 રોબોટ ઉત્પાદન કરવાની ક્ષમતા; AI અને ડિજિટલ બ્રેનથી ચાલશે આખી સિસ્ટમ**

ચીનમાં વિજ્ઞાનકલ્પના ફિલ્મ જેવો નજારો હવે વાસ્તવિકતા બની ગયો છે. 'યુબિટેક રોબોટિક્સ' કંપનીએ દક્ષિણ ચીનના લિયુઝોઉ શહેરમાં 14,000 ચોરસ મીટરમાં ફેલાયેલી એક વિશાળ હ્યુમનોઇડ રોબોટ ફેક્ટરી શરૂ કરી છે, જ્યાં માનવોની ખૂબ ઓછી મદદથી રોબોટ્સ જ બીજા રોબોટ્સનું નિર્માણ કરી રહ્યા છે.

આ પ્લાન્ટમાં દર 10 મિનિટે એક નવો ઈન્ડસ્ટ્રિયલ હ્યુમનોઇડ રોબોટ બનીને તૈયાર થાય છે.

પ્લાન્ટની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા 10,000 રોબોટ્સની છે. અહીં મુખ્યત્વે યુબિટેકની 'Walker S' અને 'Cruzr' સિરીઝનું ઉત્પાદન કરવામાં આવે છે.

ફેક્ટરીમાં સામગ્રીનું અનલોડિંગ, સ્ટેકિંગ અને એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્પેરપાર્ટ્સ પહોંચાડવાનું કામ Cruzr Y1 અને Cruzr S2 મોડેલના રોબોટ્સ સંભાળે છે.

યુબિટેક અને 'સિમેન્સ' દ્વારા વિકસિત 'સ્માર્ટ બ્રેન' ડિજિટલ સિસ્ટમ દ્વારા સમગ્ર પ્લાન્ટનું સંચાલન થાય છે. તે પાર્ટ્સના પ્લાનિંગથી લઈને ક્વોલિટી ચેક સુધીનું કામ આપમેળે કરે છે.

કોઈપણ રોબોટને ફેક્ટરીમાંથી બહાર મોકલતા પહેલાં તેનું 4 કલાક સુધી કઠોર મશીન

...અનુસંધાન પાના 04 પર

## દિલ્હી ડાયરી



### પક્ષપલટુ ધારાસભ્યો માટે ૨૦ વર્ષના પ્રતિબંધની માંગ

કોઈ રાજકીય પક્ષની ટિકિટ પર ચૂંટાયેલા સાંસદ કે ધારાસભ્યને પક્ષ બદલવાની અને જાહેર જીવનમાં ટકી રહેવાની મંજૂરી આપવી જોઈએ? પક્ષપલટા અને રાજકીય વિભાજનને કારણે પક્ષપલટા વિરોધી કાયદાની ફરી એકવાર કસોટી થઈ રહી છે, ત્યારે યુવાઓની આગેવાની હેઠળની કોકરોચ જનતા પાર્ટી (સીજેપી) એ ગઈ કાલે રાજ્યસભાના સાંસદ અને અગ્રણી વકીલ કપિલ સિબ્બલ દ્વારા પક્ષપલટુ ધારાસભ્યો પર ૧૦ વર્ષના પ્રતિબંધ મૂકવાની માંગને સમર્થન આપ્યું હતું. જોકે, સીજેપી નેતૃત્વએ દલીલ કરી હતી કે, આટલું પણ અપૂરતું છે અને ગેરલાયક ઠેરવવાનો સમયગાળો લંબાવીને ૨૦ વર્ષ કરવો જોઈએ. સીજેપી નેતા અભિજીત દીપકે આ પ્રકારના પ્રતિબંધોને 'સમયની માંગ' ગણાવતાં દલીલ કરી હતી કે, એક રાજકીય પક્ષના જનાદેશ અને ચૂંટણી ચિન્હ પર ચૂંટાયેલા ધારાસભ્યો જાહેર હોદ્દો જાળવી રાખીને પક્ષપલટો કરવા માટે મુક્ત ન હોવા જોઈએ. આ પગલું કોચીમાં સિબ્બલ દ્વારા બંધારણની દસમી અનુસૂચિમાં સુધારા કરવાની માંગ બાદ

...અનુસંધાન પાના 4 પર

## ટ્રમ્પની ના છતાં ફેડ રિઝર્વે વ્યાજદર વધાર્યા

**3 વર્ષમાં પહેલીવાર વ્યાજદરમાં 0.25%નો વધારો, અમેરિકામાં હોમ લોન, ઓટો લોન મોંઘી થશે**

**ચાલુ વર્ષે વ્યાજદર 4.1% સુધી પહોંચાડવાનો સંકેત**

વોશિંગ્ટન: અમેરિકાની મધ્યસ્થ બેંક 'ફેડરલ રિઝર્વ' દ્વારા સતત વધી રહેલા ફુગાવા પર કાબૂ મેળવવા માટે તેના બેન્ચમાર્ક વ્યાજદરમાં ૦.૨૫ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. ૨૦૨૩ પછી છેલ્લા ત્રણ વર્ષમાં વ્યાજદરમાં કરવામાં આવેલો આ પ્રથમ વધારો છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા વ્યાજદરમાં સતત કાપ મૂકવાની કરાતી માગણીઓ છતાં ફેડરલ રિઝર્વે આ આકરો નિર્ણય લીધો છે, જેનાથી વ્હાઇટ હાઉસ સાથેના તણાવમાં વધારો થવાની પૂરતી શક્યતા છે.

આ વ્યાજદર વધારા સાથે ફેડરલ રિઝર્વનો કી-રેટ વધીને અંદાજે ૩.૯ ટકા પર પહોંચી ગયો છે. મધ્યસ્થ બેંકના ક્વાર્ટરલી પ્રોજેક્શન્સમાં સંકેત આપવામાં આવ્યો છે કે રેટ-સેટિંગ કમિટી ચાલુ વર્ષના અંત સુધીમાં વ્યાજદરમાં વધુ એક વખત વધારો કરીને તેને ૪.૧ ટકા સુધી લઈ જઈ શકે છે. ફેડરલ રિઝર્વે તેના અધિકૃત નિવેદનમાં જણાવ્યું છે કે, "આજનો આ નીતિગત નિર્ણય મધ્યસ્થ બેંકના ૨ ટકાના ફુગાવાના લક્ષ્યાંકને વહેલી તકે પ્રાપ્ત કરવામાં મદદરૂપ થશે."

અમેરિકી નાગરિકો પહેલાથી જ ગ્રોસરી, ઈંધણ અને મકાનોની ઊંચી કિંમતોથી પીડાઈ રહ્યા છે. વ્યાજદરમાં થયેલા આ વધારાના કારણે આગામી સમયમાં હોમ લોન (Mortgages), ઓટો લોન અને ક્રેડિટ કાર્ડ પરના વ્યાજદર વધવાની પૂરી શક્યતા છે, જેનાથી

...અનુસંધાન પાના 04 પર

## ચીન સાથે મળીને પાકિસ્તાને બાઉન્ડ્રી કમિશન બનાવ્યું

**આ કમિશનની પહેલી બેઠક યોજાઈ**

**ભારતની પાકિસ્તાન-ચીનને સખત ચેતવણી: 'ભારતીય જમીન પર કરાર કરવાનો કોઈ હક નથી, ગેરકાયદે કબજો તુરંત ખાલી કરો**

**બંને દેશો વચ્ચે કોઈ ભૌગોલિક સરહદ જ નથી; 1963ના પાક-ચીન સીમા કરારને ભારતે અમાન્ય ગણાવ્યો**

નવી દિલ્હી, તા. 16: પાકિસ્તાન અને ચીને દ્વિપક્ષીય સંબંધોને નવી ઊંચાઈએ પહોંચાડવાના દાવા સાથે 'પાકિસ્તાન-ચીન બાઉન્ડ્રી જોઈન્ટ કમિશન' ની રચના કરીને તેની પ્રથમ ઉદ્ઘાટન બેઠક ઈસ્લામાબાદ સ્થિત વિદેશ મંત્રાલયમાં યોજી હતી. જોકે ભારતે આ કમિશનને ફગાવી દીધું છે.

આ બેઠકની સહ-અધ્યક્ષતા ચીનના વિદેશ મંત્રાલયના બાઉન્ડ્રી અને ઓશિયન અફેર્સ વિભાગના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ લી યા અને પાકિસ્તાનના વિદેશ મંત્રાલયના ડાયરેક્ટર જનરલ બિલાલ મહેમૂદ ચૌધરીએ કરી હતી. પાકિસ્તાની વિદેશ મંત્રાલયે આ કમિશનના અમલીકરણને દ્વિપક્ષીય સંબંધો માટે એક 'મહત્વપૂર્ણ માઈલસ્ટોન' ગણાવ્યો હતો. પાકિસ્તાન અને ચીનના જણાવ્યા મુજબ, આ સંયુક્ત કમિશનનો મુખ્ય હેતુ બંને દેશો વચ્ચે સરહદ વ્યવસ્થાપન, સંયુક્ત સરહદી સર્વેક્ષણ, વેપારી પરિવહન સુગમ બનાવવું અને બંને દેશોના લોકો વચ્ચે સંપર્ક વધારવાનો છે.

જોકે, ભારતે આ કમિશનને સખત શબ્દોમાં ફગાવી દીધું છે. ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે એક નિવેદનમાં આ કમિશનને કાનૂની આધાર વગરનું અને તદ્દન અસ્વીકાર્ય ગણાવતા પાકિસ્તાનને પોતાના ગેરકાયદેસર કબજા હેઠળના ભારતીય વિસ્તારોને 'તાત્કાલિક ખાલી કરવા' આદેશ આપ્યો છે. ભારતે સ્પષ્ટ કર્યું હતું કે પાકિસ્તાન અને ચીન વચ્ચે કોઈ ભૌગોલિક સરહદ અસ્તિત્વ ધરાવતી જ નથી, તેથી પાકિસ્તાનને પોતાના ગેરકાયદેસર અને બળજબરીપૂર્વકના કબજા હેઠળના ભારતીય ક્ષેત્રો અંગે કોઈ પણ કરાર કે વ્યવસ્થા કરવાનો કાયદાકીય અધિકાર નથી.

ભારતે સત્તાવાર વલણ દોહરાવતા જણાવ્યું છે કે જમ્મુ-કાશ્મીર અને લડાખના સમગ્ર કેન્દ્રશાસિત પ્રદેશો ભારતનો અવિભાજ્ય ભાગ રહ્યા છે અને હંમેશા રહેશે. નવી દિલ્હીએ 1963ના સોશિયલ 'ચીન-પાકિસ્તાન બાઉન્ડ્રી એગ્રીમેન્ટ'ને

...અનુસંધાન પાના 04 પર

## અરબ સાગરમાં પાકિસ્તાની નેવીના જહાજે ભારતીય યુદ્ધપોતને ટક્કર મારી

**દિલ્હીમાં પાકના રાજદૂતને સમન્સ પાઠવી ભારતે સખત શબ્દોમાં વિરોધ નોંધાવ્યો**

**પાકિસ્તાનના યુદ્ધપોતને નુકસાન, ભારતનું જહાજ સુરક્ષિત પાકિસ્તાની જહાજ PNS હુનૈનના બિન-વ્યાવસાયિક વર્તનથી ટક્કર થઈ**

નવી દિલ્હી, તા. 16 (પીટીઆઈ): અરબ સાગરમાં ઉત્તર ક્ષેત્રે ભારતીય નૌકાદળના યુદ્ધપોત સાથે પાકિસ્તાની નૌકાદળના જહાજ 'PNS હુનૈન' (PNS Hunain)ની ટક્કર થતાં ભારે વિવાદ સર્જાયો છે. આ ઘટના બાદ ભારતે તુરંત કડક વલણ અપનાવતા નવી દિલ્હી સ્થિત પાકિસ્તાનના ચાર્જ ડી'અફેર (CDA) સાદ વરાઈચને વિદેશ મંત્રાલયમાં સમન્સ પાઠવ્યા હતા અને પાકિસ્તાની નેવીના આ 'બિન-વ્યાવસાયિક અને અસુરક્ષિત' વર્તન સામે સખત વિરોધ નોંધાવ્યો હતો.

આ ઘટના મંગળવારના રોજ સાંજે 7.10 વાગ્યે બની હતી, જ્યારે રુટીન પેટ્રોલિંગ પર રહેલા ભારતીય યુદ્ધપોતની નજીક પાકિસ્તાની જહાજે અચાનક ઝડપથી દિશા બદલી હતી, જેના કારણે થયેલી ટક્કરમાં PNS હુનૈનને ભારે નુકસાન થયું છે, જ્યારે ભારતીય યુદ્ધપોત સુરક્ષિત છે.

વિદેશ મંત્રાલયના જણાવ્યા મુજબ, પાકિસ્તાનનું આ પગલું એપ્રિલ 1991માં બંને દેશો વચ્ચે થયેલા સૈન્ય કરારના આર્ટિકલ 10નો સ્પષ્ટ ભંગ છે. આ કરાર મુજબ આંતરરાષ્ટ્રીય સમુદ્રમાં બંને દેશોના યુદ્ધપોત કે

...અનુસંધાન પાના 04 પર

## ભારત સાથે મુક્ત વેપાર કરારને ન્યૂઝીલેન્ડની સંસદની મંજૂરી

**ભારતના 100 ટકા ઉત્પાદનો પર ડ્યુટી ફ્રી એન્ટ્રી**

**ઝીરો ડ્યુટીના કારણે ભારતના ટેક્સટાઇલ અને ગાર્મેન્ટ્સ જેવા ક્ષેત્રોને મોટો ફાયદો થશે આ કરારથી**

**ન્યૂઝીલેન્ડની રોજગારી અને આવકમાં થશે વધારો, 15 વર્ષમાં 20 અબજ ડોલરનું સીધું રોકાણ કરશે**

નવી દિલ્હી, તા. 16 (પીટીઆઈ): ન્યુઝીલેન્ડની સંસદે ભારત સાથેના 'ઐતિહાસિક" મુક્ત વ્યાપાર કરાર' (FTA)ને આખરી મંજૂરી આપી દીધી છે. આ જાહેરાત કરતાં ન્યુઝીલેન્ડના વડા પ્રધાન ક્રિસ્ટોફર લક્સને સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે આ કરારથી 1.4 અબજ ભારતીય ગ્રાહકો માટે ન્યુઝીલેન્ડના ઉત્પાદનોના દ્વાર ખુલશે, જેનાથી તેમના દેશમાં રોજગારી અને આવકમાં વધારો થશે.

આ વેપાર કરાર આવતા મહિનેથી અમલમાં આવે તેવી પૂરી શક્યતા છે, જ્યારે ભારતમાં કેબિનેટની મંજૂરી બાદ તેનો અમલ થશે. ડિસેમ્બર 2025માં પૂર્ણ થયેલી વાટાઘાટો બાદ આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

આ મુક્ત વેપાર કરાર હેઠળ ન્યુઝીલેન્ડ ભારતના 100 ટકા નિકાસ ઉત્પાદનો જેવા કે કાપડ, ચામડાના શૂઝ, રત્નો અને આભૂષણો, એન્જિનિયરિંગ સામાન અને પ્રોસેસ્ડ ફૂડ પરની કસ્ટમ ડ્યુટી સંપૂર્ણપણે નાબૂદ કરશે. બીજી તરફ, ભારતે ન્યુઝીલેન્ડની 70 ટકા ટેરિફ લાઈન્સ પર છૂટછાટ આપી છે, જ્યારે ડેરી ઉત્પાદનો, ખાંડ અને કૃષિ ક્ષેત્રના 29.97 ટકા સંવેદનશીલ ઉત્પાદનોને કરારની બહાર રાખીને સ્થાનિક ખેડૂતોનું રક્ષણ કર્યું છે.

આ કરારની સૌથી મહત્વની બાબત એ છે કે ન્યુઝીલેન્ડે 15 વર્ષમાં ભારતમાં 20 અબજ ડોલરના વિદેશી સીધા રોકાણ (FDI)ની પ્રતિબદ્ધતા દર્શાવી છે. વધુમાં, સેવા ક્ષેત્રે ભારતને ન્યુઝીલેન્ડના 118 ક્ષેત્રોમાં સીધો પ્રવેશ મળશે. ભારતીય કુશળ વ્યાવસાયિકો માટે 5,000 અસ્થાયી રોજગાર વિઝા અને વિદ્યાર્થીઓ

...અનુસંધાન પાના 04 પર

### તા. ૧૬-૦૯-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| | | |
|---|---|---|
| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો 0.00 મીમી | મોસમનો ૧૯૩૨ મીમી |
| ઉકાઈ | સપાટી આજની 33૭.૬૬ ફૂટ | આઉટફ્લો ૮૦૦ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૧.૫૦ સે. | ૨૪.૯૦ સે. | ૮૦% |

## 2024ના પ્રતિષ્ઠિત દાદાસાહેબ ફાળકે એવોર્ડ માટે અનંત નાગની પસંદગી

**5 દાયકાની સફર અને 250થી વધુ ફિલ્મો; 22 સપ્ટેમ્બરે કેવડિયા ખાતે અપાશે ભારતીય સિનેમાનો સૌથી મોટો એવોર્ડ**

**'અંકુર', 'મંથન', 'મિંચિના ઓટા' અને 'હંસગીથે' જેવી ક્લાસિક ફિલ્મોમાં તેમના અભિનયની ભારે પ્રશંસા થઈ હતી**



નવી દિલ્હી, તા. 16 (પીટીઆઈ): 'મિંચિના ઓટા', 'હંસગીથે', 'અંકુર' અને 'મંથન' જેવી ક્લાસિક ફિલ્મોમાં હિન્દી અને કન્નડ સિનેમામાં પોતાના પ્રભાવશાળી કામ માટે જાણીતા દિગ્ગજ અભિનેતા અનંત નાગને વર્ષ 2024 માટે દાદાસાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે. તેમ સરકારે બુધવારે જાહેરાત કરી હતી.

પાંચ દાયકામાં ૨૫૦થી વધુ ફિલ્મોમાં કામ કરી ચૂકેલા ૭૮ વર્ષીય અનંત નાગ થિયેટરની દુનિયામાં પણ એક જાણીતું નામ છે..

ભારતીય સિનેમામાં સર્વોચ્ચ માન્યતા સમાન આ એવોર્ડ તેમને 22 સપ્ટેમ્બરે ગુજરાતના કેવડિયા ખાતે યોજનારા નેશનલ ફિલ્મ એવોર્ડ્સ સમારોહમાં અર્પણ કરવામાં આવશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દિગ્ગજ અભિનેતાને અભિનંદન પાઠવતાં કહ્યું હતું કે, 'અનેક દાયકાઓથી તેમના સહજ

...અનુસંધાન પાના 04 પર